# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને તહેવારોમાં સ્વદેશી ઉત્પાદનો ખરીદીને 140 કરોડ ભારતીયોની મહેનતનું સન્માન કરવા હાકલ કરી.

2) પ્રકાશ પર્વ દિવાળીની આજે દેશભરમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ નાગરિકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

3) બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે અંતિમ દિવસ.

4) ઇઝરાયલ સંરક્ષણ દળો-IDFએ ગાઝામાં યુદ્ધવિરામ કરાર ફરીથી લાગુ કરવાની જાહેરાત કરી.

5) ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં ભારતનો ઈંગ્લેન્ડ સામે ચાર રનથી પરાજય

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - SWADESHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને તહેવારોની ઉજવણી કરવા અને સ્વદેશી ઉત્પાદનો ખરીદીને 140 કરોડ ભારતીયોની મહેનતનું સન્માન કરવા હાકલ કરી છે. શ્રી મોદીએ નાગરિકોને તહેવારો દરમિયાન ખરીદેલા સ્વદેશી ઉત્પાદનોને સોશિયલ મીડિયા પર શેર કરવા પણ વિનંતી કરી જેથી અન્ય લોકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા માટે પ્રેરણા મળે.

MyGovIndia ની એક પોસ્ટનો જવાબ આપતા, શ્રી મોદીએ લોકોને ભારતમાં બનાવેલા ઉત્પાદનો ખરીદવા અને તેઓ સ્વદેશી છે એમ ગર્વથી કહેવા માટે વિનંતી છે.

પ્રધાનમંત્રીની આ અપીલ સ્થાનિક ઉદ્યોગો અને કારીગરોને પ્રોત્સાહન આપવા માટે ચાલી રહેલા રાષ્ટ્રવ્યાપી આંદોલન વચ્ચે આવી છે, જે આત્મનિર્ભરતા અને આર્થિક સશક્તિકરણનો સંદેશ ફેલાવે છે. આ પહેલના સમર્થનમાં, MyGovIndia એ "દિવાળી ઉજવો અને સ્વદેશીને સશક્ત બનાવો" નામનું એક ખાસ અભિયાન શરૂ કર્યું છે, જેમાં નાગરિકોને આ તહેવારોની મોસમમાં ફક્ત સ્વદેશી ઉત્પાદનો ખરીદવાનો સંકલ્પ લેવા વિનંતી કરવામાં આવી છે.

આ અભિયાન સ્થાનિક કારીગરોને ટેકો આપવાના મહત્વ પર ભાર મૂકે છે. આ ઝુંબેશ સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા, રોજગારીનું સર્જન કરવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરે છે.

# DIWALI

પ્રકાશ પર્વ દિવાળીની આજે દેશભરમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે. દેશભરમાં લોકો દિવાળી અને નવા વર્ષની ઉમંગભેર ઉજવણી કરી રહ્યા છે.

અધર્મ પર ધર્મના વિજયના પ્રતિક રૂપે ઉજવાતી દિવાળી આનંદ અને રોશનીનો તહેવાર છે. દિપાવલી પર્વની ઉજવણીના ભાગરૂપે ઘરે ઘરે દિવડા રંગોળીના સુશોભન જોવા મળી રહ્યા છે. આજે ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજનનું અનેરૂં મહત્વ છે. દેશભરના વિવિધ મંદિરોમાં દિવાળી નિમિત્તે વિશેષ શણગાર, રોશની કરાયા છે. મંદિરો રોશનીથી ઝળહળી રહ્યા છે.

દરમિયાન બજારોમાં છેલ્લી ઘડીની ખરીદી માટે મોડી રાત સુધી ભીડ જોવા મળી હતી. મોડી રાત સુધી લોકો નવા વસ્ત્રો, સુશોભનની ચીજવસ્તુઓ, ફટાકડાની ખરીદી કરતા જોવા મળ્યા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળી નિમિત્તે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે, આ તહેવાર અંધકાર પર પ્રકાશ, અજ્ઞાન પર જ્ઞાનના વિજયનું પ્રતીક છે. તેમણે દરેકને સુરક્ષિત, જવાબદાર અને પર્યાવરણને અનુકૂળ રીતે દિવાળી ઉજવવા વિનંતી કરી.

ઉપરાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણને દેવી લક્ષ્મી દરેક પર શાંતિ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યના આશીર્વાદ વરસાવે તેવી પ્રાર્થના કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં, દિવાળીનો તહેવાર તમામ નાગરિકોના

જીવનને સદ્ભાવના, ખુશી અને સમૃદ્ધિના પ્રકાશથી પ્રકાશિત કરે અને સમગ્ર દેશમાં સકારાત્મકતાની ભાવના ફેલાય તેવી શુભેચ્છા પાઠવી છે.

દરમિયાન, દિલ્હી પોલીસે શહેરમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરી છે. મુખ્ય બજારો, ભીડભાડવાળા જાહેર સ્થળો અને વ્યાપારી કેન્દ્રો પર ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દિલ્હીની મુખ્ય હોસ્પિટલોમાં દાઝી ગયેલા દર્દીઓને તાત્કાલિક સારવાર માટે વ્યાપક તૈયારીઓ કરી છે.

દિલ્હી ફાયર વિભાગ દ્વારા 24 રેપિડ રિસ્પોન્સ વાહનો સહિત ફાયર એન્જિન તૈનાત કરવામાં આવ્યા છે. ઓલ ઈન્ડિયા રેડિયો ન્યૂઝ સાથે વાત કરતા, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર એ.કે. મલિકે જણાવ્યું કે, દિલ્હીના લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે, દિલ્હી ફાયર સર્વિસ સંપૂર્ણ કાર્યક્ષમતા સાથે કામ કરી રહી છે અને તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી છે.

# BIHAR-POLLS

બિહારમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા આજે પૂર્ણ થશે. બીજા તબક્કામાં 243 બેઠકોમાંથી 122 બેઠકો માટે 11 નવેમ્બરે મતદાન થશે. અત્યાર સુધીમાં, વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો દ્વારા કુલ 1,066 ઉમેદવારીપત્રો દાખલ કરવામાં આવ્યા છે.

વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની આજે છેલ્લી તારીખ છે. 6 નવેમ્બરના રોજ પ્રથમ તબક્કામાં 18 જિલ્લાઓની 121 બેઠકો પર મતદાન થશે. બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયમાંથી

**પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રથમ તબક્કા માટે 1,375 ઉમેદવારો માન્ય જાહેર થયા છે. તેમાં 147 મહિલા અને 1,248 પુરુષ ઉમેદવારોનો સમાવેશ થાય છે.**

**દરમિયાન ચુંટણી પંચ મુક્ત અને ન્યાય ચુંટણીઓ માટે તમામ તૈયારીઓ કરી રહી છે.**

**સાંભળીએ એક અહેવાલ..**

**(V/C- AKSHIT-BIHAR-ELECTION)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ARMY CHIEF

સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે ભારતીય સેનાની તૈયારીઓની પુનઃપુષ્ટિ કરતાં "સ્વયં થી પહેલાં સેવા"ના સિદ્ધાંતનું આહ્વાન કર્યું.

તેમણે લશ્કરી સંબંધોને મજબૂત કરવા અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સૈનિકોનું મનોબળ વધારવા માટે કેન્દ્રીય ક્ષેત્રમાં અગ્રણી ચોકીઓની મુલાકાત લીધી. તેમણે નિવૃત્ત સૈનિકો અને સ્થાનિક સમુદાયો સાથે પણ વાતચીત કરી અને તેમના પરિવારોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

મુલાકાત દરમિયાન, આર્મી ચીફએ પિથોરાગઢ અને નજીકની ફોરવર્ડ પોસ્ટ્સના ઉચ્ચ-ઊંચાઈવાળા વિસ્તારોમાં તૈનાત ફોર્મેશન્સની સમીક્ષા કરી. દૂરના વિસ્તારોમાં તૈનાત કર્મચારીઓ સાથે વાતચીત કરતા, જનરલ દ્વિવેદીએ ભારે આબોહવાની પરિસ્થિતિઓ અને ઉબડખાબડ ભૂપ્રદેશમાં ફરજ પ્રત્યેની તેમની સ્થિતિસ્થાપકતા, હિંમત અને અડગ નિષ્ઠાની પ્રશંસા કરી.

કુમાઉ ક્ષેત્રના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂકતા, ચીફે સ્થાનિક દેશભક્તિ અને સ્થિતિસ્થાપકતાની પ્રશંસા કરી.

# ASHWINI- ANAND VIHAR VISIT

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે મોડી રાત્રે આનંદ વિહાર રેલવે સ્ટેશનની મુલાકાત લઈને દિવાળી અને છઠના તહેવારોને ધ્યાનમાં રાખીને

મુસાફરો માટે કરવામાં આવેલી વ્યવસ્થાની સમીક્ષા કરી. તેમણે મુસાફરો સાથે પણ વાતચીત કરી હતી અને વ્યવસ્થા અંગે તેમનો પ્રતિભાવ માંગ્યો હતો.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે દિવાળી અને છઠ દરમિયાન મોટી સંખ્યામાં મુસાફરો ને ધ્યાને લઈ રેલવેએ તેમની સુવિધા માટે વ્યાપક વ્યવસ્થા કરી છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે રેલવે મંત્રાલયે મુંબઈ, પુણે, સુરત, બેંગલુરુ અને સિકંદરાબાદના અન્ય સ્ટેશનો પર પણ આવી જ સુવિધાઓ પૂરી પાડી છે

(BYTE: ASHWINI-VAISHNAV)

# GST

GST બચત મહોત્સવના ફાયદા સમાજના તમામ વર્ગો સુધી પહોંચી રહ્યા છે. આજે આ શ્રેણીમાં અમારા સંવાદદાતા દેશના આરોગ્ય ક્ષેત્રને મજબૂત બનાવવા પર GST સુધારાઓની અસર પર અહેવાલ આપે છે.

(V/C– ARZOO)

# ISRAEL- GAZA

ઇઝરાયલ  સંરક્ષણ દળો-IDF એ ગાઝામાં અનેક હવાઈ હુમલા કર્યા પછી યુદ્ધવિરામ કરાર ફરીથી લાગુ કરવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા

પોસ્ટમાં, IDF એ જણાવ્યું હતું કે તે યુદ્ધવિરામ કરારનું પાલન કરશે પરંતુ જો તેનું ઉલ્લંઘન કરવામાં આવશે તો તે કડક જવાબ આપશે.

અગાઉ, IDF એ કહ્યું હતું કે તેણે ગાઝામાં હમાસ સાથે જોડાયેલા ડઝનેક લક્ષ્યોને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા હતા. આમાં શસ્ત્રો સંગ્રહ સુવિધાઓ, ફાયરિંગની જગ્યાઓ, આતંકવાદી સેલ અને ઇઝરાયલ સામે હુમલા માટે કથિત રીતે ઉપયોગમાં લેવાતી આશરે 6 કિલોમીટર ભૂગર્ભ ટનલનો સમાવેશ થાય છે.

## WOMEN CRICKET

ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં, ભારતનો ઈંગ્લેન્ડ સામે ચાર રનથી પરાજય થયો છે. ગઈકાલે ઈન્દોરમાં રમાયેલી આ મેચમાં ઈંગ્લેન્ડના 289 રનના લક્ષ્યાંકના જવાબમાં, ભારતીય ટીમ 50 ઓવરમાં છ વિકેટે 284 રન જ બનાવી શકી હતી. સ્મૃતિ મંધાનાએ 88, હરમનપ્રીત કૌરે 70 અને દીપ્તિ શર્માએ 50 રન બનાવ્યા હતા.

ઈંગ્લેન્ડની હીથર નાઈટને 109 રનની ઇનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. ભારત તરફથી દીપ્તિ શર્માએ ચાર અને શ્રી ચરણીએ બે વિકેટ લીધી હતી

આ જીત સાથે, ઈંગ્લેન્ડનું સેમિફાઇનલમાં સ્થાન નિશ્ચિત થઈ ગયું છે. સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે ભારતને હવે ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ સામેની બાકીની બંને મેચ જીતવી પડશે.

આ ટુર્નામેન્ટમાં આજે શ્રીલંકાનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. નવી મુંબઈમાં રમાનારી આ મેચ બપોરે ૩ વાગ્યે શરૂ થશે.

---

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હેમાંગીની સોનારા

- અમેરિકામાં ટ્રમ્પની તાનાશાહી સામે નાગરિકો રસ્તા ઉપર ઉતર્યા અને અયોધ્યામાં દિપોત્સવી પર્વની ઉજવણી આ સમાચાર મોટાભાગના અખબારોએ હેડલાઇનમાં લીધી છે.
- વર્તમાન પત્રો અનુસાર જોઇએ તો ગુજરાત સમાચારે લખ્યું છે કે ટ્રમ્પની તાનાશાહી વિરૂધ્ધ અમેરિકામાં આક્રોશ
- સંદેશ લખે છે કે યુએસમાં ટ્રમ્પના વિરોધમાં નો કિંગ પ્રોટેસ્ટ- ઠેરઠેર દેખાવો
- અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે પણ ટ્રમ્પ સામેના આક્રોશને હેડલાઇનમાં છાપ્યા છે